**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૫.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૧ ટકા

# વાવોલના સરપંચની પાણીપુરીની લારીઓ પર 'સર્જીકલ સ્ટ્રાઈક'




**સરપંચ સહિત ગ્રામ પંચાયતની ટીમે અચાનક હાથ ધરેલી તપાસમાં લગભગ તમામ પાણીપુરીવાળાને ત્યાં બટાકા બગડેલા-સડેલા જણાયા : તાત્કાલિક ધોરણે પાણીપુરીનું વેચાણ અટકાવી દેવાયું**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર પાસેના વાવોલ ગામે સરપંચ તથા તલાટી સહિત ગ્રામ પંચાયતની ટીમે પાણીપુરીની લારી ખુમચાવાળાઓ પર અચાનક 'સરપ્રાઈઝ રેડ' કરી હતી. ચેકીંગ દરમિયાન લગભગ વાવોલના તમામ પાણીપુરીવાળાને ત્યાં સડેલા અથવા બગડેલા બટાકા સહિત બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થ મળી આવતા તેઓ ચોંકી ઉઠયા હતા અને તમામ પાણીપુરી વિતરકોને આ બાબતે કઠોર ઠપકો આપી હાલ પુરતા પાણીપુરીનું વેચાણ બંધ કરાવી દીધું છે.

વાવોલ ગ્રામ પંચાયતની આશરે સાતેક જણની ટીમ જેમાં સરપંચ નગીનભાઈ નાડિયા તથા તલાટી દર્શન શાહ સહિત સ્ટાફ દ્વારા પાણીપુરીના વિતરકોનું સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ટીમ દ્વારા વાવોલની ભાગોળે બજારમાં, પેટ્રોલ પંપ પાસે, શાંતિવન સોસાયટી નજીક દિયાગ્રીન પાર્ટીપ્લોટ નજીક વગેરે વિસ્તારો જયાં જયાં પાણીપુરીની લારી ખૂમચાવાળા ઉભા રહે છે ત્યાં રૂબરૂ જઈને તમામ પાણીપુરીવાળાઓને ત્યાં બટાકા બગડેલા અથવા સડેલા જણાયા હતા. આ સાથે પાણીપુરીનો ખાદ્ય પદાર્થ પણ બિનઆરોગ્યપ્રદ જણાયો હતો જેના કારણે તમામ પાણીપુરી વિતરકોને હાલ પુરતો ધંધો અટકાવી દેવા જણાવી દેવાયું હતું તથા જાહેર આરોગ્ય સામે જોખમી ગણાય તેવા ખાદ્ય પાર્થોનું વેચાણ કરવા બદલ ઠપકો પણ આપવામાં આવ્યો હતો તેવું સરપંચ નગીનભાઈ નાડિયાએ જણાવ્યું હતું.

**સુરતની આગ દુર્ઘટના બાદ**

# ૭ દિવસમાં ગાંધીનગર ફાયરબ્રિગેડમાં એન.ઓ.સી માટે ૩૦૬ અરજીઓ આવી

**શાળા-કોલેજ, કોચીંગ ક્લાસીસ અને હોસ્ટેલ સહિતનાં એકમોનાં સંચાલકો દ્વારા ત્વરિત ફાયર એનઓસી મેળવવા માટે પડાપડી : શહેરમાંથી ૧૪૦ અરજીઓ આવી : ફાયર એસ્ટીંગ્યુઝર જ મળતા ન હોવાની બુમ**

ગાંધીનગર, તા.૨

સુરત ખાતે ટયુશન ક્લાસીસમાં સર્જાયેલી દુર્ઘટના બાદ રાજયભરમાં ફાયર તંત્ર કામે લાગી ગયુ છે ત્યારે ઉચ્ચકક્ષાએથી થયેલા આદેશ મુજબ જયાં સુધી ફાયર એન.ઓ.સી ન મળે ત્યાં સુધી જ કોઈપણ શાળા-કોલેજ, કોચિંગ ક્લાસીસ કે હોસ્ટેલ સહિતના ખાનગી-સરકારી એકમો બંધ રાખવામાં આવ્યા છે. અત્યાર સુધી રામ ભરોસે ચાલતા આ તમામ ખાનગી એકમોને એકાએક બંધ કરવાનો વારો આવતા સંચાલકો દ્વારા તાત્કાલિક ફાયર એન.ઓ.સી.મેળવવા માટે પડાપડી થઈ રહી છે એટલું જ નહીં પોતાની વાતનો ઉપયોગ કરવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ ફાયર એન.ઓ.સી.મેળવવા માટે જરૂરી એવા ફાયરનાં સાધનો જ માર્કેટમાંથી મળી રહ્યા ન હોવાની બૂમ ઉઠવા પામી છે. આ પરિસ્થિતિ વચ્ચે છેલ્લા છ દિવસમાં ગાંધીનગર ફાયર બ્રિગેડને જિલ્લાભરમાંથી એન.ઓ.સી.મેળવવા માટે ૩૦૬ અરજીઓ આવી હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર જિલ્લામાંથી ફાયર એન.ઓ.સી.મેળવવા માટે આવેલી ૩૦૬ અરજીઓ પૈકી ૧૬૬ અરજીઓ ગાંધીનગર શહેર સિવાય વિસ્તારો અને તાલુકાઓમાંથી આવી છે. જેમાં સૌથી વધુ અરજીઓ સરગાસણ, કુડાસણ અને રાયસણ વિસ્તારમાં કાર્યરત સ્કૂલ, ક્લાસીસ, હોસ્ટેલ અને અન્ય કોમર્શિયલ એકમોમાંથી અરજી આવી હોવાનુ જાણવા મળ્યુ છે. સરગાસણ, કુડાસણ અને રાયસણ વિસ્તારમાંથી ૬૫ અરજીઓ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળી છે. તે ઉપરાંત કલોલ તાલુકામાંથી ફાયર એન.ઓ.સી માટે ૪૬ અરજીઓ આવી છે. આમ ગાંધીનગર શહેર સિવાયના વિસ્તારમાંથી કુલ ૧૬૬ અરજીઓ આવી છે. તે ઉપરાંત ગાંધીનગર શહેરના વિવિધ સેકટરો તથા ઈન્ફોસિટી વિસ્તારમાંથી કુલ ૧૪૦ અરજીઓ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળી છે. ફાયર ઓફિસર મહેશ મોડના જણાવ્યા મુજબ શહેર વિસ્તારમાં ધમધમતી સ્કૂલ, ક્લાસીસ અને હોસ્ટેલ સહિતના કોમર્શિયલ એકમો પૈકી ફાયર એન.ઓ.સી મેળવવા માટે સૌથી વધુ ૨૮ અરજીઓ સેકટર-૨૩ વિસ્તારમાંથી આવી છે. આવતીકાલે સોમવારથી આ અરજીઓનું લિસ્ટ તૈયાર કરીને ફાયર બ્રિગેડની ટીમો દ્વારા ઈન્સ્પેકશન શરૂ કરવામાં આવશે. જરુરી ફાયર સેફટીના સાધનો મુકેલા હશે અને ફાયરની નિષ્ણાંત ટીમ દ્વારા પોઝિટિવ અભિપ્રાય આપવામાં આવશે તે એકમોને ફાયર એન.ઓ.સી આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.



ગરમીનો પારો જયારે ૪૫ ડિગ્રીએ પહોંચ્યો છે અને વેકેશનનો માહોલ પણ અકબંધ છે ત્યારે નગરજનો ગરમીથી રાહત મેળવવા સે-૧૯ સ્થિત જીમખાનામાં આવેલ ૫૦ મીટર લાંબા અને ૩૦ મીટર પહોળા ઓલમ્પિક સ્વિમીંગ પુલમાં સ્વિમીંગની મજા માણી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગરમીની સિઝનમાં જીમખાનામાં સ્વિમીંગ માટે સૌથી વધુ એડમિશન થાય છે.



અત્યારે ઈસ્લામ ધર્મનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે જે તેના અંત સુધી પહોંચી જવા પામ્યો છે. રમઝાન એટલે ઈશ્વર જેને 'અલ્લાહ' તરીકે ઓળખવામાં આવે છે તેની બંદગીનો માસ તેમજ અલ્લાહને રાજી કરવા સેવા-દાન-પુણ્ય કાર્ય કરવાનો માસ. ગાંધીનગરના કેટલાક સેવાભાવી મુસ્લિમ યુવા બિરાદરો દ્વારા સમગ્ર રમઝાન માસ દરમિયાન શહેરની સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓની સંભાળમાં રહેનાર પરીવારજનોને ઈફતાર તેમજ શહેરી માટે ફળફળાદિના ફુડ પેકેટસ વિના મૂલ્યે પહોંચાડવાનું સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સે-૨૯ના યુવા બિરાદરો ઈરફાન કુરેશી, અઝરૂદીન કુરેશી, ફૈઝલ નદેરીયા, યાસિન રાઉમા, હમઝા વોરા, સમીર પટેલ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્ટ્રીટ કાર્નિવલમાં શહેરની ૭ પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન




ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ઘ-૪ સર્કલ નજીક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ગઈકાલે યોજાયેલ 'સ્ટ્રીટ કાર્નિવલ'માં શહેરની સાત પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાત મહિલાઓમાં અભિનય અને નૃત્યકલા ક્ષેત્રની પ્રતિભાઓને આવરી લેવામાં આવી હતી.

સ્ટ્રીટ કાર્નિવલમાં મિસ ઈન્ડિયા ઈન્ટરકોન્ટિનેન્ટલ સુમન ચેલાણી, ગુજરાતી મુવી આર્ટીસ્ટ જીનલ રાવલ અને વિવેકા પટેલ, સામાજિક અગ્રણી જયશ્રી ખેતિયા, ભરતનાટયમ ગુરૂ ખુશ્બુ શુકલા, કથ્થક ગુરૂ ગાર્ગી પસારી અને વેણુભારતી સંસ્થાના બિન્ની દવેનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, ગુજરાતી મુવી 'થઈ જશે' ફેઈમ આર્ટીસ્ટ મોના ગજ્જર, ગુજરાતી મુવી આર્ટીસ્ટ મૌલિક ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સ્ટ્રીટ કાર્નિલવનું આયોજન ડાયમન્ડ ગૃપ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૨ હજાર વ્યકિતઓએ આનંદ લીધો હતો.

## વિશ્વ પર્યાવરણ દિવસે 'વાયરો કરે વાત' કવિ સંમેલનનું આયોજન

આગામી તા. ૫મી જુન બુધવારે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગીર ફાઉન્ડેશન તથા ગાંધીનગર સાહિત્ય સભાના સંયુકત ઉપક્રમે ગુજરાતના જાણીતા કવિઓના કવિ સંમેલન 'વાયરો કરે વાત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલન ચ-૦ સર્કલ પાસે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન સંકુલ ખાતે ગીર ફાઉન્ડેશનના 'સંવાદ' હોલમાં સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

'વાયરો કરે વાત'માં ગુજરાતના જાણીતા કવિ સાહિત્યકારો દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, ડૉ. સનત દેસાઈ 'પરવેઝ', પ્રતાપસિંહ ડાભી 'હાંકલ', નટવર હેડાઉ 'વનવિહારી', જિગર ઠકકર તથા ભરત કવિ 'ઉર્મિલ' તેમની વાત પ્રસ્તુત કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ શૈલેષ પંડયા 'ભીનાશ' કરશે. કાર્યક્રમમાં પ્રકૃતિ-પર્યાવરણના સંદર્ભે કવિઓ તેમની કૃતિઓ રજૂ કરશે. આ કાર્યક્રમને માણવા શહેરના સાહિત્યરસિક ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શિક્ષક થવું સહેલું પણ 'શિક્ષક' બનવું અઘરૂં

**ગાંધીનગર જિલ્લાના નારદીપુરના નિવૃત્ત શિક્ષક રામભાઈનું જીવન શિક્ષકો માટે આદર્શરૂપ : માત્ર ૫મી જુન નહી દરરોજ પર્યાવરણ દિવસ હોવાનું માનતા આ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષકની વૃક્ષારોપણથી માંડીને તમામ પ્રવૃત્તિઓ 'શિક્ષણ'ને નવી દિશા ચિંધનારી**




ગાંધીનગર, તા.૨

જેના જીવનનો નોકરી દરમ્યાનનો સંપૂર્ણ સમયગાળો પોતાની શાળામાં શૈક્ષણિક કે અન્ય શાળાપયોગી પ્રવૃત્તિઓમાં જ પસાર થયો છે અને પોતાની પ્રતિભાને માત્ર વર્ગખંડમાં ભણાવતા શિક્ષક પુરતી મર્યાદિત રાખવાને બદલે માત્ર અને માત્ર શાળાના સર્વાંગી વિકાસ માટે દરેક પ્રકારની પ્રવૃત્તિથી કાર્યરત રાખી શાળામાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ થકી શાળાને 'અભિનવ' શાળા બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર ગાંધીનગર જિલ્લાના શિક્ષક રામાભાઈ શંભુભાઈ મોચીને કારકિર્દીના અંત ભાગમાં રાષ્ટ્રીય પારિતોષિકથી સન્માનવામાં આવ્યા હતા પરંતુ આજે પણ નિવૃત્તિના દસેક વર્ષ પસાર થઈ ચુકયા હોવા છતાં તેમનો મોટાભાગનો સમય પોતાના ગામ અને આસપાસના વિસ્તારમાં શિક્ષણના સ્તરને ઊંચુ લાવવામાં જ વ્યતિત થઈ રહ્યો છે. 'રામભાઈ'થી ઓળખાતા આ શિક્ષકનું માનવું છે કે 'શિક્ષક થવું સહેલુ છે પરંતુ શિક્ષક બનવું અઘરું છે' અને આ સાથે તેમને એવો વસવસો પણ છે કે ગુજરાતમાં હાલ ૬૯ જેટલા શિક્ષકો રાષ્ટ્રીય પારિતોષિક એટલે કે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા હોવા છતાં રાજયના પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવામાં તેમની અવગણના થઈ રહી છે જે રાજયમાં શિક્ષણ માટે જ નુકશાનકારક બાબત છે.

ગાંધીનગર જિલ્લાના નારદીપુરમાં એક સમયે સૌરાષ્ટ્રના મશહુર વસ્ત્ર 'કિનખાબ'ને તૈયાર કરતી હાથશાળો ચલાવતા અને સમયની ઝપટે તે ઉદ્યોગ બંધ થઈ જતા સાયકલ રાઈડ એન્ડ રીપેરીંગ સ્ટોર્સ શરુ કરનાર શંભુભાઈ મોચીના છ સંતાનો પૈકી બીજા નંબરના સંતાન રામાભાઈએ નારદીપુરમાંથી જ ઉત્તર બુનિયાદી શાળામાંથી અંગ્રેજી વિષય સાથે ઓલ્ડ એસએસસી પાસ કરી અમદાવાદની સી.એન. વિદ્યાલયમાંથી તે સમયનું પીટીસી એટલે કે 'બુનિયાદી અધ્યાપન પ્રવિણ'નું ડિગ્રી પ્રમાણપત્ર મેળવી હતી. આ પછી તેમણે પહેલા મોરબી પાસેના માળિયા ખાતે માત્ર બે દિવસ અને સાબરકાંઠામાં ઈડર પાસે પહાડિયોલ જેવા દુર્ગમ વિસ્તારમાં ઘર વગર ખુલ્લામાં ખાટલા પર નિવાસ કરીને બે વર્ષ નોકરી કર્યા બાદ પોતાના ગામથી માત્ર ૯ કિમી દૂર આમજા-નાદરી-ચાંદીસણા પ્રાથમિક સ્કૂલમાં ૧૯૭૮માં અંગ્રેજી શિક્ષક તરીકે નોકરી પ્રાપ્ત કરી હતી. શાળામાં પ્રથમ દિવસથી જ પોતાના શિક્ષણને માત્ર વિષય પુરતું સ્મિત રાખવાને બદલે તમામ પ્રવૃત્તિઓ જેવી કે વૃક્ષારોપણ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નાટય પ્રવૃત્તિઓ, ચિત્રકામ, વાંચન-લેખન, ખેલકૂદ, ટીએલએમ નિર્માણ, શાળા સફાઈ, સમર કેમ્પ, યુનિસેફ તાલીમ, અભિનવ પ્રયોગો દરેકમાં પરોવી દેનાર રામભાઈ થોડાક સમયમાં જ ગ્રામજનોમાં એટલા માનીતા શિક્ષક બની ગયા હતા કે જયારે આમજા-નાદરી-ચાંદીસણાની જુથ શાળામાંથી આમજા શાલા અલગ થઈ ત્યારે બંને શાળાઓ વચ્ચે તેમને મેળવવા રીતસરની ખેંચતાણ ચાલી હતી અને જો કે તેઓ છેવટે નાદરી ચાંદીસણા શાળા સાથે જોડાયેલા રહ્યા હતા જયાંથી તેમણે ૩૨ વર્ષ ૧૦ માસ અને ૧૦ દિવસ સુધી નોકરી કરી નિવૃત્તિ પ્રાપ્ત કરી હતી.





બાળકોની લઘુતાગ્રંથીને દૂર કરવા ખોખો-કબડ્ડી રમવા લઈ જતા રામભાઈએ શાળામાં ગણિત-વિજ્ઞાન શિખવાડતા જિલ્લા, રાજય અને એકવાર તો પોંડિચેરીમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન મેળામાં ભાગ લેવડાવી નામના પ્રાપ્ત કરી હતી. પોંડિચેરી ખાતે તેમણે દેશભરમાંથી આવેલી ૧૬૭ માધ્યમિક શાળાઓ સામે એકમાત્ર પ્રાથમિક શાળાના પ્રોજેકટ 'પ્લાસ્ટિક વેસ્ટમાંથી ડિઝલ બનાવવું'ને વિદ્યાર્થી ચિરાગ પરમારના માર્ગદર્શક બની વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. જેમણે પછાત ગામોમાં બે બે વ્યસન મુકત પેઢીનું નિર્માણ કર્યું છે તેવા રામભાઈએ દરરોજ શાળા શરૂ થાય તે પહેલા અને પુરી થાય તે પછી સમય ફાળવી એટલા વૃક્ષોનું વાવેતર કર્યું છે કે આજે સમગ્ર સંકુલ હરિયાળી વનરાજીથી શોભી રહ્યું છે. વૃક્ષારોપણ માટે શાળા કમ્પાઉન્ડમાં જ કમ્પોસ્ટ ખાતર બનાવતા રામભાઈએ વિરાંજલિવન, ઔષધ બાગના વિકાસ સાથે શાળા સંકુલના ૯૦૦ મીટરના વંડાને બોગનવેલથી સજાવી દીધો છે. માત્ર ૫મી જુન જ નહી દરરોજ પર્યાવરણ દિવસ હોવાનું માનતા રામભાઈએ શાળા સંકુલની બહારના ખુલ્લા વિસ્તારમાં પણ વનરાજી વિકસાવી છે.જીસીઈઆરટીના ફેલોશીપ તથા જાણીતા સાહિત્યકાર રાઘવજી માધડના



પુસ્તક 'વર્ગ એજ સ્વર્ગ'માં જેમનું આખું એક પ્રકરણ સામેલ છે તેવા રામભાઈના અભિનવ પ્રયોગોના કારણે નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા 'અભિનવ શાળા' બનવા પામી હતી. પોતાની નિવૃત્તિનો સમયગાળો નજીક હતો ત્યારે જ તેમની ત્રણ દિકરીને એક દિકરાની માતા એવા ધર્મપત્નિ લક્ષ્મીબેનને ગુમાવનાર રામભાઈએ નિવૃત્તિ પછી પિતાના સાયકલ સ્ટોર્સના વ્યવસાયને પણ અપનાવી દીધો છે. સમગ્ર જિલ્લામાં શિક્ષણ માટે ખ્યાતિ ધરાવતા હોવાથી તેમની પાસે આવતા અનેક શિક્ષકો-શાળાઓને સદાય ઉત્સાહથી મદદરૂપ થતા રામભાઈને નારદીપુરના ગ્રામ સેવા મંદિરમાં સામેલ કરવામાં આવ્યા અને તેઓએ ગામની શાળામાં ધોરણ-૯ અને ૧૦ના બાળકોની વાંચન લેખનની કચાશ દૂર કરતા જે શાળાનું પરિણામ બોર્ડમાં ૨૫ ટકાથી પણ નીચે રહેતું હતુ તેણે ૬૭ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું અને શાળાને બંધ થઈ ગયેલી ગ્રાન્ટ પુનઃ મળવી ચાલુ થઈ ગઈ હતી. આજે ગામમાં સતત શિક્ષણ સુધારણા માટે વિવિધ પગલા દ્વારા કાર્યરત રામભાઈ નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાવવાથી માંડીને તમામ પ્રકારે મદદરૂપ થઈ રહ્યા છે તે સાથે સાથે કયારેક ફોનથી તો કયારેક રૂબરૂ મુલાકાત લઈને શાળા સંકુલમાં વાવેલા વૃક્ષોની દરકાર પણ લેવાનું ચુકતા નથી.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com